પેજ નંબર ૮

**<u>વાદી નરેશભાઈ રજનીકાંત રાવલની આંક–પ૩ ની સરતપાસ લગત પ્રતિવાદી નં.૩ તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી, એ.બી.જોશી</u>**

(૧) મેં ધોરણ દસ સુધીનો અભ્યાસ કરેલ છે. હું મફતલાલ ગ્રુપમાં નોકરી કરુ છું . મારી જન્મ તા. ૨૨/૧૨/૧૯૭૩ છે. હું જન્મથી જ મુંબઈ મુકામે રહુ છું. હળવદ મુકામે મારું રહેણાંકનું મકાન આવેલ છે. તે મકાન મારા પિતા રજનીકાંતભાઈ નર્મદાશંકર રાવલના નામે ચાલે છે. હાલનો દાવો મેં જમીન માટે કરેલ છે, મકાન માટે કરેલ નથી. મેં દાવો દાખલ કરતા પહેલા વાંચેલ છે. જમીનનો સર્વે નંબર ૪૬૬ છે. લક્ષ્મીશંકર ધનેશ્વર રાવલ મારા પરદાદા થાય છે. લક્ષ્મીશંકર ધનેશ્વર રાવલના હાલના દાવામાં જણાવ્યા સિવાયના અન્ય કોઈ વારસો નથી. દુર્લભભાઈ રાવલ મારા પિતાના કાકા થાય છે. ચંદ્રશેખરભાઈ દુર્લભભાઈ રાવલ મારા કાકા થાય છે. એ વાત ખરી છે કે, ચંદ્રશેખરભાઈ દુર્લભભાઈ રાવલ હાલના દાવામાં વાદી તરીકે જોડાયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, કેમ કે તેઓ અપરીણીત અને શારીરીક રીતે બીમાર હોવાથી પથારીવશ હોવાથી આવી શકે તેમ નથી. ચંદ્રશેખરભાઈ દુર્લભભાઈ રાવલે મને તેમના વતી હાલના દાવામાં કાર્યવાહી કરવા માટે કોઈ પાવર ઓફ એટર્ની આપેલ નથી.

(૨) એ વાત હું જાણું છુ કે, આ કામના પ્રતિવાદી નં. ૧ નલીનભાઈ કાંતીલાલ શુકલ રાજકોટ મુકામે એડવોકેટ તરીકે પ્રેકટીસ કરે છે. મને એ વાતનો ખ્યાલ નથી કે, આ કામના પ્રતિવાદી નં. ૧ નલીનભાઈ કાંતીલાલ શુકલ રાજકોટ મુકામે એડવોકેટ તરીકે છેલ્લા ચાલીસ વરસથી પ્રેકટીસ કરે છે. મને એ વાતનો ખ્યાલ નથી કે, મેં આ કામે જે પ્રતિવાદી તરીકે જોડેલ છે તે તમામ પક્ષકારો રાજકોટ મુકામે રહે છે. આ કામના પ્રતિવાદી નં. ૨ થી પના કયા રહે છે તે હું કહી શકુ તેમ નથી. હું એડવોકેટ હરેશભાઈ નાનાલાલભાઈ મહેતાને ઓળખતો નથી. મને મારા વકીલશ્રીના કહેવાથી આ દાવાના તમામ

પ્રતિવાદીઓનું સરનામું કેર ઓફ હરેશભાઈ નાનાલાલ મહેતા લખેલ છે.

(૩) આ કામના પ્રતિવાદીઓ મારા કોઈ સગા થતા નથી. મેં હાલના દાવાના રેવન્યુ રેકર્ડ જોયા નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, દાવાવાળી મીલ્કતનો વહીવટ મારા પિતાશ્રી રજનીકાંત નર્મદાશંકર રાવલ કરતા હતા. મારા પિતાશ્રી રજનીકાંત નર્મદાશંકર રાવલ સને ૨૦૧૭નાં વર્ષમાં મરણ ગયેલ છે.

સવાલ:– સને ૨૦૧૭થી આપના પિતાશ્રી મરણ ગયેલ હોય અને તેઓ વહીવટ કરતા હોવાથી આપને આ દાવામાં જણાવેલ વીગતોની અંગત જાણકારી નથી ?

જવાબ:– મારા પિતાના મરણ બાદ હું મુંબઈ રહેવાથી આ ખેતર પર વધુ ધ્યાન આપી શકેલ નહી જેથી છેલ્લા એક વર્ષથી આ ખેતર પડતર છે. બાકી અમે વાવવા આવતા હતા.

છેલ્લા વર્ષના અગાઉના વર્ષમાં અમે આ જમીનમાં કપાસનું વાવેતર કરેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમે વાવવા માટે આપી દઈએ છીએ, અમે માત્ર ઉપજ લઈએ છીએ. મને એ વાતની જાણકારી નથી કે, જે જગ્યામાં વાવેતર કરવામાં આવે તેની નોંધ ગામ નમુના નંબર ૧૨ માં કરવામાં આવે છે.

આ તબકકે રીશેસ સમય થતા સદર કામ વધુ ઉલટતપાસ માટે મુલતવી.

ફેરતપાસ નથી.
સ્થળ:– હળવદ.
તારીખ:– ૦૯/૧૦/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

**સોગંદ આપ્યા......**

**<u>વાદી નરેશભાઈ રજનીકાંત રાવલની આંક–૫૩ ની સરતપાસ લગત પ્રતિવાદી નં.૩ તર્ફે વધુ ઉલટ તપાસ વિ.વ.શ્રી, એ.બી.જોશી</u>**

(૪) મને એ વાતની ખબર છે કે, કોઈપણ વ્યકતી મીલ્કતના માલીક થાય તો તે રેવન્યુ રેકર્ડમાં નોંધવામાં આવ છે. મેં નોંધ નંબર ૪૩૫ તારીખ ૨૮/૧/૧૯૭૪ વાંચેલી નથી. મને એ વાતની ખબર નથી કે, સર્વે નંબર ૪૬૬ સંબંધે પડેલ રેવન્યુ રેકર્ડની નોંધ નંબર ૪૩૫માં જમીનના માલીક મોતીરામ આંબારામ અને સગર જેશંકરભાઈ હતા. એ વાત ખરી છે કે, કોઈ વ્યકતી મીલ્કતનું વેંચાણ કરે તે મીલ્કતના તે વ્યકતી માલીક હોવા જરૂરી છે. મેં વેચાણ દસ્તાવેજ નંબર ૨૨૭ વાંચેલ નથી. મને એ વાતનો ખ્યાલ નથી કે, આ દાવામાં વેચાણ દસ્તાવેજ નંબર ૨૨૭ રજુ કરેલ છે કે નહી. મને મારા પરદાદા લક્ષ્મીશંકર ધનેશ્વર રાવલ જોગ વેચાણ દસ્તાવેજ નંબર ૨૨૭ કરી દીધેલ તેનો ખ્યાલ છે. આ વેચાણ દસ્તાવેજ નંબર ૨૨૭ માણેકલાલ મોતીરામ દવેએ કરી આપેલો.

સવાલ:– વેચાણ દસ્તાવેજ નંબર ૨૨૭ કઈ તારીખે થયેલો છે ?

જવાબ:– આ દાવાના કામે વેચાણ દસ્તાવેજ નંબર ૨૨૭ રજુ થયેલ છે તે તારીખ ૧૫/૪/૧૯૬૩નાં રોજનો થયેલ છે જયારે મારી પાસે આ વેંચાણ દસ્તાવેજ અસલ છે તે તારીખ ૩૦/૩/૧૯૬૩નાં રોજ થયેલ છે.

સવાલ:– તારીખ ૧૫/૪/૧૯૬૩ તથા તારીખ ૩૦/૩/૧૯૬૩ માંથી વેચાણ દસ્તાવેજ નંબર ૨૨૭ વાળો સાચો દસ્તાવેજ કયો છે ?

જવાબ:– મારી પાસે જે અસલ વેંચાણ દસ્તાવેજ છે તે જ હોય છે.

એ વાત ખરી છે કે, મારી પાસે જે અસલ વેચાણ દસ્તાવેજ નંબર ૨૨૭ તારીખ ૩૦/૩/૧૯૬૩વાળો છે તે વેચાણ દસ્તાવેજ આ કામે રજુ કરેલ નથી. મારી માલીકીનું જે ખેતર હું જણાવું છુ તે ખેતર મકાસરી માનસરીયુંના નામથી ઓળખાય છે. એ વાત હું

જાણું છુ કે, રેવન્યુ સર્વે નંબર ૪૬૬વાળું ખેતર ચોગાનીચુંના નામથી ઓળખાય છે. તા. ૧૧/૧/૧૯૮૨વાળી નોંધ નંબર ૨૦૦૯ મેં વાંચેલ નથી. મને એ વાતની ખબર નથી કે, તા. ૧૧/૧/૧૯૮૨વાળી નોંધ નંબર ૨૦૦૯ સર્વે નંબર ૪૬૬માં રેવાબેન રેવાશંકર તથા નીર્મળા હરજીવન માલીક છે. હું મુંબઈ રહેતો હોવાથી મને ગુજરાતના સ્થાનિક કાયદાની જાણકારી નથી. મને એ વાતની ખબર છે કે, કોઈ વ્યકતી ગુજરી જાય તો તેની વારસાઈ નોંધ તલાટીના રજીસ્ટરે કરવાની હોય છે. મને એ વાતની જાણકારી નથી કે, નોંધ નંબર ૭૩૯૫ વારસાઈ રજીસ્ટરના આધારે પડેલ છે. એ વાત ખરી છે કે, મને વારસાઈ નોંધ અંગેનું વારસાઈ રજીસ્ટર બે પંચોની રૂબરૂમાં પંચાયતમાં થતું હોવાની મને જાણકારી નથી.

(૫) રેવન્યુ સર્વે નંબર ૪૬૬ નાં માલીક ૧૯૬૩ના વર્ષમાં માણેકલાલ મોતીરામ દવે હતા.

સવાલ:– રેવન્યુ સર્વે નંબર ૪૬૬ નાં માલીક ૧૯૬૩ના વર્ષમાં માણેકલાલ મોતીરામ દવે હતા તેવું દર્શાવતો દસ્તાવેજી પુરાવો તમે આ દાવાના કામે રજુ કરેલ છે ?

જવાબ:– મને ખબર નથી.

સવાલ:– રેવન્યુ સર્વે નંબર ૪૬૬ નાં માલીક ૧૯૬૩ના વર્ષમાં માણેકલાલ મોતીરામ દવે ન હતા ?

જવાબ:– મને કેમ ખબર પડે.

એ વાત ખરી છે કે, વેચાણ દસ્તાવેજ નંબર ૨૨૭માં ખેતરનું નામ મકાસરીનું એવું દર્શાવેલ છે. મને એ વાતની ખબર નથી કે, વેચાણ દસ્તાવેજ નંબર ૨૨૭માં સર્વે નંબર દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, કોઈપણ ખેતરનું જે નામ હોય તે બદલાય નહી. હવે હું જણાવું છુ કે, એ હું કેવી રીતે કહી શકુ કે કોઈપણ ખેતરનું નામ હોય તે બદલાય નહી. લક્ષ્મીશંકર ધનેશ્વર રાવલ કેટલું ભણેલા હતા તેનો મને ખ્યાલ

નથી. લક્ષ્મીશંકર ધનેશ્વર રાવલનું અવસાન કઈ તારીખે થયેલ તેની મને ખબર નથી. લક્ષ્મીશંકર ધનેશ્વર રાવલનું અવસાન સમયે મારો જન્મ થયેલ ન હતો. મારા પિતા રજનીકાંતભાઈ રાવલ ધોરણ બાર પાસ હતા અને ધોરણ ચૌદ સુધી ભણેલ હતા પરંતુ ગ્રેજયુએશન કમ્પ્લીટ કરેલ ન હતું. એ વાત ખરી છે કે, મારા પિતા પણ વર્ષોથી મુંબઈ મુકામે જ રહેતા હતા. મારા પિતા રજનીકાંતભાઈ રાવલનું અવસાન થયુ તે સમયે મારી ઉંમર આશરે ૪૪ વર્ષ હતી. વેચાણ દસ્તાવેજ નંબર ૨૨૭ની નોંધ રેવન્યુ રેકર્ડમાં કરાવવાની કોઈ કાર્યવાહી મારા પરદાદાએ કરી હોય તેવી મને જાણકારી નથી. મને એ વાતનો ખ્યાલ નથી કે, મારા પરદાદાએ એટલા માટે વેચાણ દસ્તાવેજ નંબર ૨૨૭ની નોંધ રેવન્યુ રેકર્ડમાં કરાવવાની કોઈ કાર્યવાહી કરેલ ન હતી કારણ કે તેવી નોંધ રેવન્યુ રેકર્ડમાં થાય તેમ જ ન હતી. આઠ વીઘા એટલે કેટલા એકર જગ્યા થાય તેની મને ખબર નથી. મને એ વાતની ખબર નથી કે, આઠ વીઘા એટલે ૩ એકર જગ્યા થાય. એ વાત ખરી નથી કે, નોંધ નંબર ૨૦૦૯ તારીખ ૧૧/૧/૧૯૮૨થી રેવન્યુ સર્વે નંબર ૪૬૬ની જમીનના માલીક રેવાબેન રેવાશંકર તથા નીર્મળા હરજીવન માલીક બનેલ હતા. એ વાત ખરી નથી કે, નોંધ નંબર ૭૩૯૫ તારીખ ૧૬/૭/૨૦૦૧થી રેવન્યુ સર્વે નંબર ૪૬૬ની જમીન એકર ૨–૨૦ગુંઠાના માલીક ચંપાબેન રેવાશંકર દવે બનેલ. એ વાત ખરી નથી કે, આ કામના પ્રતિવાદીઓ ચંપાબેન રેવાશંકરના કાયદેસરના વારસદાર દરજજે વાદગ્રસ્ત રેવન્યુ સર્વે નંબર ૪૬૬ની ખેડવાણ જમીનના માલીક બનેલ છે. એ વાત ખરી નથી કે, દસ્તાવેજ નંબર ૨૨૭માં વેંચનાર તરીકે માણેકલાલ મોતીરામ દવે દર્શાવેલ છે તે વ્યકતી સને ૧૯૬૩માં જમીનના માલીક જ ન હતા. એ વાત ખરી નથી કે, મેં આ કામે ખેડુત ખાતેદાર હોવા અંગેનો કોઈ લેખીત આધાર મારી પાસે ન હોવાથી આ કામમાં રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, હું સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

**<u>વાદી નરેશભાઈ રજનીકાંત રાવલની આંક–૫૩ ની સરતપાસ લગત પ્રતિવાદી નં.૫ તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી, જે.વી.ઠકકર</u>**

(૧) આ દાવો મેં શેના માટે કરેલ તેની મને ખબર છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ ખેતર અમારે વેચવું હોય તો અમારા નામ રેવન્યુ રેકર્ડમાં ચડાવવા પડે તે માટે હાલનો દાવો કરેલ છે. એ વાત ખરી નથી કે, મેં આ કામે લક્ષ્મીશંકર ધનેશ્વર રાવલનું પેઢીનામું રજુ રાખેલ નથી. મને ગુજરાતી વાંચતા આવડે છે. મને કોર્ટનું રેકર્ડ આપી તેમાંથી મેં રજુ રાખેલ લક્ષ્મીશંકર ધનેશ્વર રાવલનું પેઢીનામું બતાવવા કહેતા હું નામદાર કોર્ટનું રેકર્ડ જોઈ જણાવું છુ કે, તેમાં લક્ષ્મીશંકર ધનેશ્વર રાવલનું પેઢીનામું રજુ રાખેલ નથી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારી પાસે છે હું રજુ રાખવા ખુશી છું. મને એ વાતનો ખ્યાલ નથી કે, મારા પિતાજી દાવાવાળી જમીનમાં ખેતીનો પાક લેતા હતા તેવું દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી. મને એ વાતનો ખ્યાલ નથી કે, મારા પિતાજી દાવાવાળી જમીનમાં ખેતીનો પાક લેવા માટે વાવવા બીજાને આપતા હતા તેવું દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી. મને એ વાતનો ખ્યાલ નથી કે, મારા વડવા આ દાવાવાળી જમીનમાંથી ઉપજ નીપજ લેતા હતા તેવું દર્શાવતો દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી. આ દાવાવાળી મીલ્કત રેવન્યુ સર્વે નંબર ૬૪૪ પરત્વે મારા વડવા લક્ષ્મીશંકર ધનેશ્વર રાવલ ના નામે થયેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર ૨૨૭ સંબંધે અમે કે અમારા પિતાશ્રીએ કોઈપણ કોર્ટમાંથી વારસા સર્ટીફીકેટ કે સકશેશન સર્ટીફીકેટ મેળવેલ નથી. મને એ વાતનો ખ્યાલ નથી કે, આ દાવાવાળી મીલ્કત રેવન્યુ સર્વે નંબર ૬૪૪ પરત્વે મારા વડવા લક્ષ્મીશંકર ધનેશ્વર રાવલ ના નામે થયેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર ૨૨૭ સંબંધે અમે કે અમારા પિતાશ્રીએ કોઈપણ કોર્ટમાંથી વારસા સર્ટીફીકેટ કે સકશેશન સર્ટીફીકેટ મેળવેલ નથી કારણ કે આવું વારસા સર્ટીફીકેટ કે સકશેશન સર્ટીફીકેટ મળે તેમ જ ન હતું. મને એ વાતનો ખ્યાલ નથી કે, હરેશ નાનાલાલ મહેતા અને મારા વકીલ સાહેબ બંને મામા–ફોઈના દીકરા થાય છે. આ

દાવાના કામે પ્રતિવાદીઓએ રજુ રાખેલ જવાબ મેં વાંચેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારા પિતાએ વાંચેલ છે હવે હું જણાવું છુ કે, મારા પિતાએ વાંચ્યો હશે. એ વાત ખરી છે કે, પ્રતિવાદીઓ દાવાવાળી મીલ્કત વેંચી દેવાનો પ્રયત્ન કરે છે તેવું દર્શાવતો દસ્તાવેજી પુરાવો મેં આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, રાવલ લક્ષ્મીશંકર ધનેશ્વરના વારસદાર તરીકે મારા પિતાશ્રી રજનીકાંતભાઈ સિવાયના અન્ય વારસદારોના કોઈ મરણ પ્રમાણપત્ર મેં આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, વનમાળાબેન અને ચંદ્રશેખરભાઈ અત્યારે હયાત છે. એ વાત ખરી છે કે, મેં તેઓને દાવાના કામે પક્ષકાર તરીકે જોડેલ નથી.

**<u>વાદી નરેશભાઈ રજનીકાંત રાવલની આંક–૫૩ ની સરતપાસ લગત પ્રતિવાદી નં.૧,૨ અને ૪ તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી, જે.જી.શુકલ</u>**

આ તબકકે પ્રતિવાદી નં. ૧,૨ અને ૪ તર્ફે મુદત અરજી આવતા સબબ કામ ઉલટતપાસ માટે મુલતવી.

ફેરતપાસ નથી.
સ્થળ:– હળવદ.
તારીખ:– ૦૯/૧૦/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

**<u>ફરી સોગંદ આપ્યા.</u>**

**<u>વાદી નરેશભાઈ રજનીકાંત રાવલની આંક–૫૩ ની સરતપાસ લગત પ્રતિવાદી નં.૧ તરફે ઉલટ તપાસ વિ.વ.શ્રી એન.કે.શુકલ (પ્રતિ.૧ જાતે)</u>**

(૧) આ કામે પ્રતિ.નં.૩તથા ૫ તરફ થયેલ ઉલટ તપાસ મુજબની ઉલટ તપાસ સ્વીકારે છે.

**<u>વાદી નરેશભાઈ રજનીકાંત રાવલની આંક–૫૩ ની સરતપાસ લગત પ્રતિવાદી નં.ર તરફે ઉલટ તપાસ વિ.વ.શ્રી આર.કે.દલ</u>**

(ર) આજરોજ વિ.વ.શ્રી હાજર નથી પરંતુ પ્રતિ.નં.ર જાતે હાજર છે અને તેઓએ આ કામે પ્રતિ.નં.૩તથા ૫ તરફ થયેલ ઉલટ તપાસ મુજબની ઉલટ તપાસ સ્વીકારે છે.

**<u>વાદી નરેશભાઈ રજનીકાંત રાવલની આંક–૫૩ ની સરતપાસ લગત પ્રતિવાદી નં.૪ તરફે ઉલટ તપાસ વિ.વ.શ્રી જે.જી.શુકલ</u>**

(૩) આ કામે પ્રતિ.નં.૩તથા ૫ તરફ થયેલ ઉલટ તપાસ મુજબની ઉલટ તપાસ સ્વીકારે છે.

ફેર તપાસ નથી.

સ્થળ:– હળવદ.

તારીખ:– ૨૦/૧૧/૨૦૨૫

| | |
|---|---|
| સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે. | મારી રૂબરૂ, |
| | ( નિમિષા ગંગારામભાઈ સુરતી) |
| પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ | પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ |